# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૭ • ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## સમાજકાર્યમાં સહાનુભુતિ પછી પરોપકાર થાય છે ત્યારે સમાનાભૂતિ વિસ્તરે છે.- પૂજ્ય મોરારિબાપુ




ગુજરાતના મુઠી ઉંચેરા લોક સેવક અને શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં ૩૪મો નાગરિક અભિવાદન સમારોહ તા. ૨૬ જાન્યુઆરીએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ૭૬માં પ્રજાસત્તાક પર્વ પ્રસંગે આદરણીય મોરારિબાપુની અધ્યક્ષતામાં યોજાએલ નાગરિક અભિવાદનમાં શિવાનંદ આઈ હોસ્પિટલ વિરનગરથી ૨.૬૦ લાખ દર્દીઓને કેટ્રેક સર્જરી થકી દ્રષ્ટિ દાન આપનાર ડૉ.સી.એલ.વર્મા, 'માનવસેવા એ જ પ્રભુસેવા' ના મંત્રને વરેલ સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ ટીંબીમાં સેવાર્થિ ડૉ.એન.કે.રાજપરા, ગાંધી વિચારથી પ્રેરિત યોગાંજલિ વિદ્યાપીઠ સિદ્ધપુર પાટણનાં મંત્રી શ્રી જીજ્ઞાબહેન દવે, રાજકોટથી વૃદ્ધાશ્રમ, રક્તદાન, પુસ્તકાલય પ્રકારે અનેક સેવાયજ્ઞો પ્રજવલિત રાખતા. શ્રી અનુપમભાઈ દોશી ઉપરાંત અત્યંત નિષ્ઠા અને પ્રામાણિકતાથી જીવન પર્યંત સેવાર્થી રહેલ ગુજરાત રાજ્યનાં માર્ગ અને મકાન વિભાગનાં મુખ્ય ઈજનેર શ્રી એમ.બી.ભાલાલાનું આદરણીય મોરારિબાપુના વરદ હસ્તે અભિવાદન કરવામાં આવ્યું.

પ્રતિકારભર્યો પુરુષાર્થ કરતાં રહી પ્રભુ પ્રીત્યર્થે માનવસેવામાં મગ્ન ગુજરાતનાં પ્રતિભા સંપન્ન નાગરિકોના સન્માનના વર્ષ ૧૯૯૧થી પ્રારંભાયેલ સદ્‌વિચારને ભાવનગરની સંસ્કાર ભૂમિથી આગળ વધારતા ચિત્રકુટધામ તેમજ શિશુવિહાર દ્વારા પ્રત્યેકની રૂા. ૫૦,૦૦૦/- તથા સ્મૃતિચિહ્નથી વંદના કરવામાં આવી. આદરણીય મોરારિબાપુના સાનિધ્યમાં યોજાએલ સમારોહ પ્રસંગે શિશુવિહાર સંસ્થા દ્વારા ભાવનગર શહેરની પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૯થી ચાલતી બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ અંતર્ગત સતત ૧૦માં વર્ષે તૈયાર થએલ બાળચિત્રોનાં વર્ષ ૨૦૨૫નાં કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું.






ભાવનગરથી રક્તદાન, ચક્ષુદાન જેવી પુણ્ય પ્રવૃત્તિઓને દેશભરમાં વિસ્તારનાર પૂજ્ય માનભાઈની પુણ્ય સ્મૃતિમાં ૧૧૧થી વધુ શ્રેષ્ઠ નાગરિકોનું અભિવાદન થયું છે ત્યારે ચિત્રકુટ ધામનાં સહયોગથી યોજાએલ સમારંભનાં પ્રારંભે શિશુવિહાર સંસ્થાની મુલ્ય પ્રતિષ્ઠાન પ્રવૃત્તિની ભૂમિકા ડૉ.નાનકભાઈ ભટ્ટે રજુ કરી હતી.

પ્રા.ડૉ.છાયાબહેન પારેખનાં સંકલનમાં તમામ સન્માનિતોએ પૂજ્ય બાપુના વકતવ્ય બાદ પોતાનાં પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનું આભાર દર્શન કરતાં શ્રી રાજેન્દ્રભાઈ દવેએ વિશેષતહ હિમેશ વિનોદભાઈ ત્રિવેદીનાં સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો. ભોજન બાદ સંપન્ન થયેલ સમારોહમાં ૪૫૦થી વધુ પ્રબુદ્ધ નાગરિકોએ પ્રયાગરાજનાં મહાકુંભમાં નવ દિવસીય રામાયણ કથા કરી પધારેલ પૂજ્ય મોરારિબાપુ પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો હતો.


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736

## નાગરિક અભિવાદન પ્રસંગે સન્માનિત

## ડૉ.એન.કે.રાજપરા



પ્રેમ, કરૂણા અને સેવાનો સમન્વય ધરાવતા ડૉ. રાજપરા (૧૯૫૨) ટીંબી, તા.ઉમરાળા ગામે સ્થાપિત સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટ હોસ્પિટલમાં ટ્રસ્ટી છે. વડોદરા મેડિકલ કોલેજ અને અમેરિકામાં અભ્યાસ કરી એમ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ફેફસા, એલર્જી અને ક્રિટીકલ કેરના નિષ્ણાત થયા. ૧૯૮૩થી વીસેક વર્ષ અમેરિકાના મેરિલેન્ડ સ્ટેટમાં ખાનગી પ્રેક્ટીસ કરી અને સાથે કેરોન હોસ્પિટલ સેન્ટરના મેડિકલ ડિપાર્ટમેન્ટમાં ''રેસ્પીટરી કેર અને ક્રિટીકલ કેર'' વિભાગના મેડીકલ ડિરેક્ટર તરીકે ફરજ બજાવી. તેમની નિષ્ઠા, દ્રષ્ટિ અને સમર્પણની નોંધ લઈને સેન્ટર દ્વારા તેમને ૨૦૦૬માં 'બેસ્ટ ડૉક્ટર ઓફ ધ યર' થી નવાજીત કરવામા આવેલા.

ડૉ.રાજપરા પોતાના જન્મસ્થળ પાસે ટીંબી ગામ જ્યાં ૨૦૧૧માં હોસ્પિટલના શ્રી ગણેશ થયેલા ત્યારે પિતાશ્રી કુરજીદાદા પાસેથી વારસામાં મળેલા 'સેવા પરમો ધર્મ' મંત્રને સાકાર કરવા ૨૦૧૩માં સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવ સેવા કેન્દ્રમાં આવી ગયા. અને સંસ્થાની મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકેની જવાબદારી સંભાળી લીધી.

તેઓ કોઈ પણ પ્રકારનું વેતન લેતા નથી. ઉલટાનું દર માસે ટ્રસ્ટને રૂપિયા સવા કરોડ જેટલી સખાવત કરે છે. 'માનવ સેવા એ પ્રભુ સેવા' ને વરેલી ટીંબી હોસ્પિટલમાં તમામ પ્રકારની સારવાર, સર્જરી, દવા અને ભોજન સુવિધા નિઃશુલ્ક છે. અત્યાર સુધી ૨૬.૩૫ લાખ દર્દીઓ લાભાન્વિત થયા છે. ૭૮,૧૧૨ના ઓપરેશન સંપન્ન થયા છે જ્યારે ૧૨,૪૫૯ બહેનોની સફળ પ્રસુતિ થઈ છે.

ડૉ. રાજપરા સાહેબ સમગ્ર સમાજના હિતચિંતક છે તેથી તેમણે કુરજીભાઈ મેમોરિયલ ફંડ મારફતે ભાવનગર, બોટાદ, અમરેલી જીલ્લામાં શૈક્ષણિક, આરોગ્યલક્ષી, સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓને તન,મન,ધનથી સહાયરૂપ કરી છે. ગરીબ હોશિયાર વિદ્યાર્થીઓને શિક્ષણ તેમજ વંચિત દર્દીઓને આરોગ્યમાં ઉપયોગી થવા તેઓ તત્પર રહે છે. ૨૦૦૧માં કચ્છ, ભૂકંપ સમયે ધાણેટી ગામમાં પચાસ ઘર વિહોણા લોકોને રૂપિયા પચાસ લાખની નિઃસ્વાર્થ ભાવે મદદ કરી તેમના પોતીકાં ઘરના સપનાને સાકાર કરી આપ્યા હતા.

ગુજરાતમાં કુષ્ટરોગમાંથી સાજાં થયેલાં લોકોનાં પુનરુત્થાન માટે સક્રિય કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ રાજેન્દ્રનગર જેવી અનેક સંસ્થાઓમાં તેઓ સહાયકર્તા બન્યા છે. સુરેન્દ્રનગર જીલ્લામાં પાટડી ગામે આર્થિક પછાત બાળકોના અભ્યાસ માટે નિર્મિત છાત્રાલય માટે તેઓએ માતબર રકમનું યોગદાન આપેલ છે. સામાજિક કુરિવાજો અંધશ્રદ્ધા અને વ્યસન નાબુદી માટે તેઓ કૃતસંકલ્પ છે. તેમના પિતાશ્રીના નિધન સમયે પણ તેઓ અનાવશ્યક વિધિ-વિધાનથી પર રહ્યા હતા. જીવનસંગિની ડૉ.ઉમાબહેન તેમના દરેક કામમાં સહયોગી રહે છે. પ્રજા જીવનના પ્રવાહોનું અધ્યયન કરવામાં તેમને ઊંડી દિલચશ્પી છે તેથી તેઓ વિશ્વના અનેક દેશોના પ્રવાસે જઈ આવ્યા છે. ''મારું જીવન અંજલિ થાજો'' સૂત્રને સાકાર કરતાં ડૉ.રાજપરાનું લોક સેવક શ્રી માનભાઈ ભટ્ટ નાગરીક સન્માનથી અભિવાદન માનવીય મૂલ્યોનું સન્માન બને છે. (સંપર્ક: ૯૭૧૨૨૨૮૮૫૨)

## ડૉ.સી.એલ.વર્મા



નેત્રરક્ષા માટે સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધ શ્રી શિવાનંદ મિશન વિરનગર જી.રાજકોટના ડૉ.વર્મા (૧૯૫૭) એ છેલ્લા ૪૦ વર્ષમાં આંખના ૨.૬૦ લાખ ઓપરેશન કરી ''ઓલિયા તબીબ'' તરીકે ખ્યાતિ મેળવી છે. તેમનું વતન છત્તીસગઢ રાજ્યનું રાયપુર શહેર. ભોપાલથી એમ.બી.બી.એસ. અને એમ.એસ.(ઓપ્થેલ્મોલોજી)ની પદવી પ્રાપ્ત કરી. તેમના આદર્શ હતા સ્વામી વિવેકાનંદ તેથી તેમના કર્મયોગના માર્ગે પ્રયાણ કરવા તેઓ ડૉ.શિવાનંદજી અધ્વર્યુ(બાપુજી)ના સેવાયજ્ઞમાં જુલાઈ-૧૯૮૪ માં સામેલ થઈ ગયા.

પોતાના જીવન દ્વારા અનેક જીવનને અર્થ અને સૌંદર્ય આપનાર, અષ્ટાંગયોગના સાધક, ડૉ.શિવાનંદજી અધ્વર્યુ દ્વારા સ્થાપિત આંખના દર્દીઓ માટે ૪૦૦ બેડની હોસ્પિટલમાં ૧૯૬૯માં સ્વીસ એઈડસની સહાયથી 'નેત્રરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ'નો શુભારંભ થયો. જેના ઉપક્રમે ગુજરાતના અનેક

પછાત વિસ્તારોમાં નેત્રનિદાન શિબિર, નેત્રયજ્ઞની ઝુંબેશનો પ્રારંભ થયો છે. ૧૯૮૭થી નેત્રશિબિરમાં માત્ર દર્દીઓનું નિદાન થાય છે જ્યારે વીરનગરમાં ઓપરેશન કરવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં આ સંસ્થાને પરિણામે ગુજરાત રાજ્યમાં અંધત્વની ટકાવારીમાં નોંધનીય ઘટાડો નોંધાયો છે. શિવાનંદ આઇ હોસ્પિટલથી અત્યાર સુધીમાં તમામ પ્રકારના આંખના ૮.૯૦ લાખ નિ:શુલ્ક ઓપરેશન થયા છે. જે પૈકી બાપુજીએ જાતે ૧.૫૦ લાખની સર્જરી કરી હતી. વર્માસાહેબ આ આંકને વળોટી ગયા છે. ૧૯૯૮થી તેઓ આઇ હોસ્પિટલની તમામ જવાબદારી મુખ્ય આઇ સર્જન તેમજ ટ્રસ્ટી તરીકે વહન કરી રહયા છે. 'ધર્મ અમારો એક માત્ર છે સર્વધર્મ સેવા કરવી' આ મંત્રને વરેલા ડૉ.વર્માસાહેબ પોતાના જ્ઞાનને સંવર્ધિત કરવા સ્વીટઝરલેન્ડ તેમજ અમેરિકા અને ફ્રાન્સ ખાતે યોજાતી પરીષદ અને તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેતા રહયાં છે. શિવાનંદ મિશન દ્વારા સામાન્ય રોગોની સારવાર, પ્રસુતિ માટે મેડીકલ સેન્ટર તેમજ વ્યસનમુક્તિ કેન્દ્રો કાર્યરત છે.

વર્માસાહેબના રસ-રુચિના વિષય છે. અધ્યાત્મ, જ્યોતિષવિદ્યા, વન્યજીવન અને રમતગમત. તેમના સહધર્મચારિણી ઉમાબહેન તેમના દરેક કામમાં પૂરા સહયોગી રહયાં છે. લાખો વ્યક્તિનાં જીવનને તમસમાંથી જ્યોતિ તરફ દોરી જનાર ડૉ.વર્માસાહેબનું અભિવાદન ગુજરાતની અંધત્વ નિવારણ ઝુંબેશને બળ આપે છે. (સંપર્ક: ૯૯૦૯૯૨૮૫૫૨)

## શ્રી અનુપમભાઇ દોશી



અનુપમભાઇ પ્રકાશભાઇ દોશી (૧૯૬૦) સામાજિક પ્રવૃત્તિઓને સમર્પિત રહયાં છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ૩૭ વર્ષ સેવાઓ આપી. ૨૦૨૦માં નિવૃત્ત થયા. શિશુવયથી જ તેમને નિ:સ્વાર્થભાવે સમાજને સહાયરૂપ થવાના સંસ્કાર પ્રાપ્ત થયા છે.શ્રી અનુપમભાઇ નિજાનંદથી કોઇ માન-સન્માનની અપેક્ષા વિના અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે.

તેમની મુખ્ય પ્રવૃત્તિઓ છે રક્તદાન. સેન્ચુરિન બ્લડ ડોનર અભિયાન, કપલ રક્તદાતા સન્માન, રક્તદાન પ્રવૃત્તિ કરતી સંસ્થાઓનું સન્માન શ્રી અનુપમભાઇ દ્વારા યોજિત ૩૬૫ દિવસના અવિરત રક્તદાન યજ્ઞકાર્યમાં રાજકોટ જીલ્લામાંથી દસ હજારથી વધુ બોટલ્સ રક્ત એકત્ર કરી એક નવતર રેકોર્ડ સર્જ્યો છે. ચક્ષુદાન પ્રવૃત્તિના વેગ માટે પદયાત્રા, પરિવાર સન્માન, ચક્ષુદાન પ્રવૃત્તિ કરતી સંસ્થાઓનું સન્માન ઉપરાંત ૪૦ જેટલાં દેહદાન માટે પ્રોત્સાહક બન્યા છે. થેલેસેમિયા બાળકો માટે આનંદોત્સવ, દર્દી માટે રક્ત દવા, ઈન્જેક્શન, પંપની વ્યવસ્થા કરતા રહે છે. તેમણે સૂત્ર વહેતુ કર્યુ છે. ''પહેલા થેલેસેમિયા ટેસ્ટ, પછી જ સગાઇ કે લગ્ન''. થેલેસેમિયા બાળકોની રક્તતુલા પણ યોજાઇ છે.

શ્રી અનુપમભાઇ રાજકોટના આંગણે શ્રેષ્ઠ શિક્ષક સન્માન, શ્રેષ્ઠ શાળા એવૉર્ડ, વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ, બાલમહોત્સવ, છાત્ર સત્કાર સમારંભ, રમતોત્સવ,પ્રવાસ-પર્યટન અને શાળાઓમાં ભૌતિક સુવિધા પૂરી પાડવી.વિધવા બહેનોને સીલાઇ મશીન, દિવ્યાંગોને ટ્રાઇસિકલ પૂરા પાડે છે. વડીલોને યાત્રા કરાવે છે.

વિધવા અને ત્યકતા બહેનોને સરકારી યોજનાઓનો લાભ મળે તેવી વ્યવસ્થા કરે છે. કુદરતી કે માનવીય આપત્તિ વેળા સહાયરૂપ થાય છે.તેમની અન્ય પ્રવૃત્તિઓ છે વૃક્ષારોપણ, વડીલ વંદના, શહીદો માટે બૂટ પોલીશ દ્વારા ફંડ એકત્ર, હેરિટેજ વોક, પક્ષીઓને ચણ, બેન્ક પરીક્ષા માટે તાલીમવર્ગો યોજતા રહે છે.

અનુપમભાઇ જનસમાજને સ્પર્શતા પ્રશ્નો વિવાદથી નહિં પરંતુ સંવાદથી ઉકેલવા પ્રયાસ કરે છે. રાજકોટ શહેરના એસ.ટી., રેલ્વે, વાહનવ્યવહાર, ટેલિફોન, શિક્ષણ કે મહાનગરપાલિકાને લગતા પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ- પદાધિકારીઓ સમક્ષ રજૂઆત કરતા રહે છે.

લોકસેવક તરીકે તેઓ ૧૪ જેટલી સંસ્થાઓ સાથે સ્થાપક-પ્રમુખ, ટ્રસ્ટી, સેક્રેટરી, સંયોજક, કારોબારી સભ્ય તરીકે સંલગ્ન રહયા છે. તેમને સંસ્કાર ભારતી તેમજ ફૂલછાબ સહિત અનેક સંસ્થાઓ દ્વારા એવોર્ડથી વિભૂષિત કરવામાં આવ્યા છે. નિરપેક્ષ સાક્ષીભાવે સ્વાસ્થ્ય સુરક્ષા માટે કટિબદ્ધ અનુપમભાઇના અભિવાદનથી ગુજરાતનું સંસ્થાકાર્ય ગૌરવાન્વિત બને છે. (સંપર્ક: ૯૪૨૮૨૩૩૭૯૬)

## શ્રી જિજ્ઞાબહેન દવે



સમાજ અને રાષ્ટ્ર માટે પોતાની સજ્જતા, સમજ અને કાર્યશક્તિ પ્રમાણે જીવન અર્પણ કરનાર શ્રી જિજ્ઞાબહેન ભાસ્કરભાઈ દવે (૧૯૭૪) ગાંધી પેઢીના સાચા વારસદાર છે. તેમણે બી.એસ.સી. અને ડી.એમ.એલ.ટી. સુધીનો અભ્યાસ કર્યો છે. પોતાની પેથોલોજી લેબોરેટરી ૧૯૯૬ થી ૨૦૦૫ સુધી ચલાવી પણ બીજાના દુ:ખ-દર્દ જોઈ તેઓ કેવળ સહાનુભૂતિ વ્યક્ત કરીને અટકયા નહીં, સક્રિય થયા. ઘર, કમાણી, પોતાના સંસારને બદલે સંસ્થા સ્વરૂપે જાતને યોજવાનો સંકલ્પ કર્યો અને તેમણે યોગાંજલિ કેળવણી મંડળ સિદ્ધપુર આશ્રમને ઘર બનાવ્યું. પૂરો સમય શિક્ષણ, આરોગ્ય, મહિલા ઉત્કર્ષ, ખેતી અને તક વંચિતો માટે આપવાનું નક્કી કર્યું.

શ્રી અરવિંદ અને માતાજીનાં સાધક, યોગાંજલિ કેળવણી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે જિજ્ઞાબહેન એક શિક્ષકની સંવેદના સાથે યોગાંજલિમાં ગ્રામ મજૂરો, આદિવાસી, વિચરતી જાતી, અનાથ બાળકો માટે પ્રવૃત્તિઓ યોજે છે. બાલમંદિરથી ૧૨ ધોરણ સુધીનાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં ગાંધીજીની નઈ તાલીમ આધારીત કેળવણીને મૂર્તિમંત કરવા પોતાની શક્તિઓ પ્રયોજે છે. શિક્ષણ સાથે રમત ગમત, કલા કૌશલ્ય અને છાત્રાલય દ્વારા સંસ્કાર ઘડતરનું પાયાનું કામ કરે છે. જ્યાં ૫૦ વર્ષ પહેલાં કન્યા કેળવણીનું પ્રમાણ માત્ર ૫% હતું. ત્યાં સંસ્થાના પ્રયાસોથી આજે ૧૦,૦૦૦ થી વધુ બાળકોએ શિક્ષણ મેળવ્યું છે. અનેક વિદ્યાર્થીઓ ડોક્ટર્સ, એન્જિનીયર્સ, શિક્ષકો, પોલીસ, સૈન્ય, નર્સ તથા સરકારી હોદ્દાઓ ઉપર પ્રસંશનીય કાર્ય કરી રહયાં છે. અત્યારે શાળામાં ૭૫૦ બાળકો અભ્યાસ કરે છે. છાત્રાલયમાં ૮૨ બાળકો નિ:શુલ્ક નિવાસ, ભોજન અને અભ્યાસની સુવિધા મેળવે છે. ૬૦૦૦ થી વધુ બાળકોએ છાત્રાલયમાં રહીને શિક્ષણ પ્રાપ્ત કરે છે.

અહીં કારકિર્દી માર્ગદર્શન, કમ્પ્યુટર તાલીમ, કલાકેન્દ્ર, સ્પોર્ટસ એકેડમી, કમ્યુનિટિ સાયન્સ સેન્ટર અને સંસ્કાર કેન્દ્ર જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ યોજાય છે. જરૂરિયાતમંદ બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય કરવામાં આવે છે. સ્વરોજગારી પૂરી પાડવા ભાઈઓ માટે વાયરમેન, પ્લમ્બીંગ અને બહેનો માટે બ્યુટીપાર્લર, ફેશન ડીઝાઈનના વર્ગો ચલાવાય છે. સંસ્થાએ ૧૧૦૭ બાળકોને ફરીથી શાળામાં દાખલ કરાવ્યા છે. અહીં દરરોજ ૭૫૦ બાળકોને સરકારની મદદ વિના પૌષ્ટિક નાસ્તો અપાય છે.

જિજ્ઞાબહેનની સંવેદનશીલતાને લીધે સહિયર યોજના નીચે દહેજ, આર્થિક શોષણ, ભેદભાવ, અત્યાચારનો ભોગ બનેલી બહેનોને ન્યાય અપાવવા વિનામૂલ્યે કાનૂની સહાય કેન્દ્ર કાર્યરત છે. ૬૦૦૦ થી વધુ બહેનોએ પોતાના પ્રશ્નોનું સુખદ નિરાકરણ મેળવ્યું છે. ૫૪,૬૫૦ બહેનોમાં જાગૃતિનું કામ થયું છે. સમક્ષ યોજના અંતર્ગત બહેનો પગભર થાય તે માટે સીવણ, ઉની ગાલીચા વણાંટ, ભરતકામ વગેરેની તાલીમ માટે ૪૧૦ વર્ગો ચલાવવામાં આવ્યા છે. ૩૮,૬૧૦ બહેનોને તાલીમ મળી છે.

ખેતીનો ખર્ચ ઘટે અને ૨૦% જેટલું વળતર વધે તે માટે પાટણ જિલ્લાના ૧૨૮ ગામના ૧૦,૦૦૦ ભાઈઓ અને ૨,૦૦૦ મહિલા ખેડૂતોને ખેતી સુધારણાનું માર્ગદર્શન અપાયું છે. જરૂરિયાતમંદ ૧૪૦ પરિવારને દર મહિને ૧૦૦૦ રૂા. ની અનાજ કીટ અપાય છે. વિકલાંગોને સાધન સહાય અપાય છે. જ્યોતિ હોસ્પિટલ વિરનગરના સહયોગથી મોતીયાના ૩૩ કેમ્પ યોજીને ૩,૬૭૩ દર્દીઓની આંખની તપાસ થઈ છે. ૮૪૭ નિ:શુલ્ક ઓપરેશન થયાં છે. ૨૦૦ શાળાઓમાં વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણ, એઈડ્સ અને જાતીય રોગો અંગે માહિતી અપાય છે.

શ્રી અરવિંદ યોગ કેન્દ્રમાં સંચાલક જિજ્ઞાબહેન અત્યારે ગુજરાતની ૧૪ જેટલી સામાજિક સંસ્થાઓમાં ટ્રસ્ટી, સલાહકાર તરીકે સક્રિય છે. તેમને નેશનલ ચિલ્ડ્રન્સ કોંગ્રેસ, રામકૃષ્ણ આશ્રમ રાજકોટ, ભારત વિકાસ પરિષદ જેવી અઢારેક સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. સામાજિક ઉત્થાન માટે સદાયે સમર્પિત જિજ્ઞાબહેનનું સન્માન એક શિક્ષકની નિષ્ઠાને પ્રતિપાદિત કરવા શ્રેષ્ઠ રહ્યું છે. (સંપર્ક: ૯૮૯૮૬૦૨૩૨૫)

## શ્રી મધુકાંતભાઈ ભાલાલા



શ્રી મધુકાંતભાઈ એ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં જી.પી.એસ.સી.ની સીધી ભરતી દ્વારા નિમણુક પામીને મુખ્ય ઈજનેર તરીકે સંનિષ્ઠ સેવાઓ આપેલી છે. ડીસેમ્બર ૧૯૯૮માં બઢતીથી મુખ્ય ઈજનેર અને અધિક સચિવ થયેલ શ્રી

મધુકરભાઈ ૧૫ વર્ષથી વધુ સમય સુધી ચીફ ઈન્જીનિયર તરીકે રાજ્યના સ્ટેટ હાઈવે અને મકાનો પંચાયત હસ્તકના રસ્તા અને મકાન, ગાંધીનગર સિવિલનાં નવા બાંધકામ અને મરામત તેમજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ડાયરેક્ટર તરીકેની કામગીરી સફળતાપૂર્વક બજાવી હતી.

શ્રી મધુકાંતભાઈની મુખ્ય ઈજનેર તરીકેની ફરજ દરમિયાન ૨૦૦૧-ના કચ્છ ભૂકંપ સમયે રેસ્ક્યુ, રિલિફ પડી ગયેલ મકાનોના કાટમાળ કાઢવા, કામચલાઉ કાયમી સરકારી રહેણાંક કચેરીનાં મકાનોનાં નવા બાંધકામ અને સુધારણા કામગીરી અસરકારક રીતે યોજેલ. પાટનગર ગાંધીનગરને અદ્યતન કરવાની કામગીરી પણ તેઓના કાર્યકાળમાં જ પૂર્ણ કરવામાં આવેલ. તેઓએ વૈશ્વિક સંસ્થાઓ યુ.એસ.એઈડ, એશિયન ડેવલપમેન્ટ બેંક અને વિશ્વબેંક સહાયિત લોનના કામો ઉપરાંત હુડકો અને નાબાર્ડની સહાયથી હાથ ધરાયેલ કામો સંતોષજનક રીતે પૂર્ણ કર્યા હતા.

શ્રી મધુકરભાઈએ ગુજરાત કન્ટ્રકશન કોર્પોરેશનના ડાયરેક્ટર, એમ.ડી., ચેરમેન, ગુજરાત હાઉસીંગ બોર્ડના ડાયરેક્ટર, ઉર્જા અને પેટ્રોલીયમ વિભાગના એરિઅલ રોપવે એડવાઈઝરી બોર્ડના ચેરમેન, ટ્રાઈબલ ડેવલપમેન્ટ સોસાયટીના ટ્રસ્ટી, સરદાર પટેલ યુનિ.ના સેનેટ મેમ્બર, ભારત સરકારની નેશનલ રુરલ ડેવલપમેન્ટ એજન્સીના તાંત્રિક કમિટિના સભ્ય, ગ્રામવિદ્યાલય દૂધાળાના ટ્રસ્ટી જેવા અનેક હોદ્દાઓ ઉપર રહીને પોતાનું યોગદાન આપેલ છે. વિવિધ રાજ્યના ૧૬ ઈજનેરોની ટ્રેનિંગ ટીમના ટીમ લીડર તરીકે ઓસ્ટ્રેલિયા અને ભારત સરકારની વાણીજ્ય વિકાસ માટેની ટીમના સભ્ય તરીકે અમેરિકાની મુલાકાત લીધેલ છે.

દેશની પ્રતિષ્ઠિત સંસ્થા ભારત માનાંક બ્યુરોની કમિટિના સભ્ય, ઈન્ડિયન રોડ કોંગ્રેસમાં કાઉન્સેલીંગ મેમ્બર, દેશમાં સૌ પ્રથમ ગુજરાત કાઉન્સિલ ઓફ પ્રોફેશનલ સિવિલ એન્જિનીયર પ્રથમ સ્થાપક, ચેરમેન તરીકે નોંધપાત્ર કામગીરી અદા કરેલ છે.

જુન-૨૦૧૪માં નિવૃત્ત થયા બાદ ટેકનિકલ તજજ્ઞ તરીકે સરકારી, સામાજિક સંસ્થાઓ, નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી ગાંધીનગર (બિલ્ડીંગ કમિટી ચેરમેન), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર, વિશ્વ ઉમિયાધામ અમદાવાદ, સ્કીલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી અમદાવાદ, બાંધકામ કમિટિના સભ્ય, રક્ષાશક્તિ યુનિવર્સિટી સરદારધામ અમદાવાદ અને ઔડા અમદાવાદમાં તેઓ ટેકનિકલ તજજ્ઞ રહયા છે.

ગુજરાત રાજ્યના એક પ્રામાણિક અને નિષ્ઠાવાન અધિકારી તરીકે શ્રી મધુકાંતભાઈએ ૪૦ વર્ષ સુધી પોતાની શ્રેષ્ઠ તાંત્રિક ક્ષમતા દ્વારા ગુજરાત અને રાષ્ટ્રની વિવિધ સંસ્થાઓને પોતાની કાર્યકુશળતાનો પરિચય કરાવ્યો



છે. ત્યારે શ્રી વિનોદભાઈ જે. ત્રિવેદીના સ્મરણાર્થે તેઓશ્રીનું વિશેષ અભિવાદન રાજ્યનાં પ્રામાણિક સુશાસન માટે પ્રેરણારૂપ બને છે. (સંપર્ક નં: ૯૯૭૮૪૦૬૩૩૪)

## શિશુવિહાર પ્રાંગણમાં ૭૬માં ગણતંત્ર પર્વની ઉજવણી



ક્રિડાંગણનાં તાલીમાર્થીઓએ ૭૬માં ગણતંત્ર પર્વ પ્રસંગે તિરંગાને સલામી આપી હતી. ભાવનગર શહેરને હરિયાળું રાખવા છેલ્લાં ૧૮ વર્ષથી કાર્યરત ગ્રીન સીટીનાં સ્થાપક શ્રી દેવેનભાઈ શેઠની અધ્યક્ષતામાં યોજાએલ ધ્વજવંદન સમારોહમાં ૮૧માં અનુભવ તાલીમ વર્ગની ૩ બહેનોને પ્રમાણપત્ર તથા પુરસ્કાર એનાયત કરવામાં આવેલ. આ પ્રસંગે સીવણની તાલીમાર્થી ૬ બહેનોને તાલીમ પરીક્ષા ઉત્તીર્ણ કરતાં પ્રમાણપત્ર, સીવણ કીટ અને માર્કશીટ આપવામાં આવેલ.

સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે મંત્રી શ્રી ઈન્દાબહેન ભટ્ટ, ટ્રસ્ટી શ્રી શબનમબહેન કપાસી, ડૉ.મનિશભાઈ વકીલની વિશેષ ઉપસ્થિતિમાં સવારે ૮:૩૦થી પ્રારંભાયેલ સમારોહમાં શ્રી હિમેશભાઈ ત્રિવેદી તરફથી ૩ શ્રમિકોને હાથ લારી એનાયત થયેલ. આ ઉપક્રમે બેંગ્લોર સ્થિત શ્રી કાલિન્દીબહેન પરીખ તેમજ શ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિ ઉત્સાહવર્ધક રહી હતી.

રાષ્ટ્રગાન અને અલ્પાહાર બાદ સંપન્ન થએલ પ્રજાસત્તાક પર્વની સાંજે ક્રીડાંગણના વિદ્યાર્થીઓ માટે હળવી રમતો યોજવામાં આવેલ. જેમાં વિવિધ ૬ સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરનાર ૧૨ વિદ્યાર્થીઓને વોલ ક્લોક તથા ટી-શર્ટથી પુરસ્કૃત કરવામાં આવેલ. શિશુવિહાર પ્રાંગણમાં ૭૬ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે યોજાતા ગણતંત્રપર્વનું સંકલન શ્રી હરેશભાઈ ભટ્ટ તથા કમલેશભાઈ વેગડે કર્યુ હતું.





## સ્વ. શ્રી સવિતાબહેન રાઘવજીભાઈ પટેલ આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ




શિશુવિહાર પ્રાંગણમાં ચાલતા એલોપથી, આયુર્વેદ તેમજ હોમીયોપથી કેન્દ્રની સંકલિત સુવિધા માટે શ્રી સવિતાબહેન પટેલની સ્મૃતિમાં આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ થયો છે.

૭૬માં પ્રજાસત્તાક પર્વના શુભ દિવસે ધ્વજવંદન બાદ આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ દાતા શ્રી રાઘવજીભાઈ પટેલનાં વરદ હસ્તે થયું. સુમિટોમો તેમજ હોમિયોપથી કોલેજના વિશેષ સહકારથી ચાલતા આરોગ્ય કેન્દ્રનો લાભ પ્રતિવર્ષ ૧૨૯૬૪થી વધુ નાગરિકો લઈ શકશે. જે શિશુવિહારની જનસેવા માટે ગૌરવપ્રદ બને છે.

### : સાભાર સ્વિકાર :

- શ્રી મિતુલભાઈ દેસાઈ(આર.ધીરજલાલ બ્રધર્સ) તરફથી પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનમાં સહાયભૂત થતાં એક, ક્લાસિક ટ્રેડર્સ તરફથી એક, જીલ એન્ટરપ્રાઈઝ તરફથી એક તેમજ પૃથ્વી ટેક્સટાઈલ્સ તરફથી બે સેમ્પલ પીસ કાપડની ગાંસડી મળેલ છે. જેનાથી સીવણ તાલીમાર્થી બહેનો કાપડની થેલી તૈયાર કરી રહી છે. આઝાદીના અમૃતકાળે શિશુવિહારથી ૨ લાખ કાપડની થેલી તૈયાર કરી સમાજ વચ્ચે મુકનાર બહેનો અને દાતાશ્રીને અભિનંદન.



## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ

### સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ બાલમંદિર

- શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ બાલમંદિરમાં જાન્યુઆરી માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૫૫ રહી હતી. જેમાં ૭ બાળકો તેમજ શિક્ષક શ્રી અંકિતાબહેન ભટ્ટ, લાભુબહેન ભીલ, લીલીબહેન મકવાણાનો જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયો હતો. બાળકોમાં સમૂહ ભાવના કેળવવાના હેતુથી શ્રમયજ્ઞ, પતંગ ઉત્સવ, સર્જનશક્તિ પ્રમાણે નમૂના તૈયાર કરવા ઉપરાંત રમત ઉત્સવ યોજવમાં આવેલ. બાળકોના વૈજ્ઞાનિક શિક્ષણ અંતર્ગત તરતી ડૂબતી વસ્તુ, જુવારા વાવવા, બીલોરી કાચ, ધ્વનિ પ્રસારણ જેવા પ્રયોગ કરી બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ શાકભાજીનું પ્રદર્શન યોજેલ. જેમાં બાળકોની સંખ્યા ૪૩ અને વાલીઓની સંખ્યા ૨૫ રહી હતી. તારીખ ૧૦ જાન્યુઆરીએ ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવેલ. તેમાં બાળકોની સંખ્યા ૪૨ રહી. સ્વાતંત્ર્ય સેનાની શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ બાલમંદિરના ઉપક્રમે ચાલતા ૮૧માં અનુભવ તાલીમ વર્ગના ૩ તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર અને માર્કશીટનું વિતરણ પ્રજાસત્તાક પર્વ પ્રસંગે કરાયું હતું. તા.૩૧/૧/૨૫ના રોજ બાળકો તથા વાલીનું રમત ઉત્સવ કાર્યક્રમ કરેલ. જેમાં કુલ બાળકોની સંખ્યા ૪૫ અને વાલીની સંખ્યા ૩૦ રહી હતી. આ કાર્યક્રમનું સંકલન બાલમંદિરના શિક્ષકોએ કરેલ. માસ દરમિયાન સર્વશ્રી સાર્થક પરમાર, ઈચ્છાશંકર પાઠક, સુરેશભાઈ ભટ્ટ, પ્રદીપભાઈ ભટ્ટ, સવિતાબહેન ગોહેલ, વિક્રમભાઈ પટેલ, મધુસૂદનભાઈ ભટ્ટ, વામનરાય પારેખ, મહેશચંદ્ર ભટ્ટ, મહાશ્વેતાબહેન ત્રિપાઠી, કમલેશભાઈ મોદી તરફથી બાળકોને ભોજન અને ૧૨ દાતા તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ

### આરોગ્ય

### ૫૦૩ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ

- શિશુવિહાર સંસ્થામાં યોજાએલ નેત્રયજ્ઞ દ્વારા ૮૩ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી. સ્વ.નાનાલાલ ભવાનભાઈની સ્મૃતિમાં તારીખ ૨૪ જાન્યુઆરીનાં રોજ શ્રી ધાર્મિકભાઈ જયંતભાઈ વાનાણીએ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં દર્દીઓની વિશેષ સેવા કરેલ. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી. સી. લોઢાવાળા

હોસ્પિટલના સહયોગથી યોજાએલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૩ દર્દીઓની આંખ તપાસ ડૉ.હર્ષાબહેન તથા ડૉ.ધ્રુવિલભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તા બાદ જરૂરિયાતમંદ ૧૬ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે લોઢાવાળા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. 'દર્દી દેવોભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૯૮ થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :

• જાન્યુઆરી માસમાં નિયમિત રીતે આવતા તાલીમાર્થીની સંખ્યા ૩૫ રહી હતી. તાલીમાર્થીઓએ સમૂહમાં રમતો, પ્રાર્થના, ધૂન, ગીતો, હર્ષનાદ કર્યા હતા. માસ દરમિયાન સંસ્થાના કાર્યકર શ્રી પ્રદીપભાઈ ભટ્ટ શ્રી દીપાબહેન જોશી તરફથી વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવેલ. ૧૩ જાન્યુઆરીના રોજ સંસ્થા પ્રાંગણમાં સ્કાઉટ તાલીમાર્થીઓનો પતંગ ઉત્સવ યોજાયો. જેમાં ૩૫ સ્કાઉટ તાલીમાર્થીઓએ આકાશમાં રંગબેરંગી પતંગ ચગાવી ઉતરાયણની મજા માણી હતી. ૨૬ જાન્યુઆરીએ તાલીમાર્થીઓ દ્વારા બેન્ડ સાથે તિરંગાને સલામી અપાઈ હતી. ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલય અંતર્ગત સ્કાઉટના વિદ્યાર્થીઓ માટે ૫ જાન્યુઆરીએ પ્રવાસ આયોજન થયું. જેમાં લોથલ, સાળંગપુર, કુંડળધામ, અરણેજ, ગણેશપુરા પ્રવાસધામોમાં ૩૩ તાલીમાર્થીઓને લઈ જવામાં આવ્યાં હતા.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

### હોળી પર્વ પ્રસંગે નિમંત્રણ

• શિશુવિહાર સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ-કાર્યકરોનું સ્નેહમિલન તા.૧૩ માર્ચને ગુરૂવારે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. શિશુવિહાર પ્રાંગણમાં ૮૬ વર્ષથી યોજાતા હોળી પર્વ પ્રસંગે યોજાનાર કાર્યક્રમમાં સહભાગી થવા અને સાથે ભોજન લેવા સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓને હાર્દિક નિમંત્રણ છે.

આ પ્રસંગે પ્રતિવર્ષ માફક શિશુવિહારની પ્રથમ ટુકડીના વિદ્યાર્થિની શ્રી મહાશ્વેતાબહેન ત્રિપાઠી તથા શ્રી સાગરભાઈ મહેતાની પુણ્ય સ્મૃતિમાં ત્રણ તાલિમાર્થીઓનું વિશેષ અભિવાદન થશે. કાર્યક્રમની વ્યવસ્થા માટે વ્યક્તિદીઠ રૂા.૧૫૦/- આપી ભોજન પાસ મેળવી લેવા ખાસ વિનંતી છે.

**:: સંપર્ક ::**

શ્રી હરેશભાઈ ભટ્ટ: મો.૯૩૭૭૯૯૩૩૭૩ • શ્રી કમલેશભાઈ વેગડ: મો.૯૫૫૮૭૫૭૫૯૩



### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ જાન્યુઆરી માસમાં ૪૬૪ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમજ ફિટનેસ સેન્ટરમાં ૧૧ બહેનો જોડાયાં હતાં.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

### વયસ્કો માટે ૩૫૯મી દ્રષ્ટિ ચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી તથા સ્વ.હસમુખભાઈ સરવૈયાના સ્મરણાર્થે જાન્યુઆરી માસમાં ૩ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૬૭ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૪૯ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

જાન્યુઆરી માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૬૮ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ જાન્યુઆરી માસ દરમિયાન ૨૫૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર:

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતાં કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ જાન્યુઆરી માસ દરમિયાન ૩૬૦ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ

## ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દર્દીઓનાં માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીગા દ્વારા સાંજના ૬:૦૦ થી ૭:૦૦ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. જાન્યુઆરી માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૩ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીગા

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

જાન્યુઆરી માસમાં ૧૪૫ વાચક સભ્યોએ ૧૮૦ પુસ્તકો વાચ્યાં તેમજ ૧૩૦ લોકોએ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી.'૫૦ પુસ્તક'(આશુતોષભાઇ જોષી-ભાવનગર),'૫૦ પુસ્તકો'(રાજેશ્વરીબહેન આસીતભાઇ પારેખ-ભાવનગર) 'રામકથા-ન્યુયોર્ક'(રમણીકભાઇ ઝાપડીયા),'કાળની પાઠશાળા' (કસ્તુરબહેન પટેલ-બોદરા) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સ્વૈચ્છિક સંસ્થાઓનાં સંચાલન માટે અનિવાર્ય પ્રેસનોટ, બ્રોશર, અહેવાલ આલેખન માટેની એક તાલીમ તા. ૧૮-૧૯ જાન્યુઆરીએ સંસ્થા પુસ્તકાલયના ઉપક્રમે યોજાઇ હતી. પ્રા.ડૉ.નેહલભાઇ ત્રિવેદી, વરિષ્ઠ પત્રકાર શ્રી જયેશભાઇ દવે, જાણીતા તસ્વીરકાર શ્રી અમુલભાઇ પરમાર તેમજ ચિત્રકાર ડૉ.અશોકભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાએલ બે દિવસીય દ્રષ્ય-શ્રાવ્ય તાલીમમાં ભાવનગરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનાં ૧૮ કાર્યકરો જોડાયા હતા. વધુને વધુ રીતે અપેક્ષિત થતા અહેવાલ આલેખનના કૌશલ્યના વિસ્તાર માટેની તાલીમનું સંકલન શ્રી નેહાબહેન તથા હિનાબહેન ભટ્ટનાં સંકલનમાં રહયું હતું.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વન:

જાન્યુઆરી માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૩૯૭ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. સરસ્વતી ટ્યુશન ક્લાસીસના ૫૦ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં હતા. તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.



## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી ૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. જાન્યુઆરી માસમાં ક્રમાંક ૨૨૮ થી ૨૩૦મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને કોલાઝ વર્ક, પતંગ તેમજ હેન્ડબેન્ડ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૯૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## સીવણ તાલીમ:

જાન્યુઆરી માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૪૫ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને ફેબ્રીક મોજા બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૫ જાન્યુઆરી યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત ૧૪૧ કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી. સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

## ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. જાન્યુઆરી માસ દરમિયાન ૩૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપોઝિટથી આપવામાં આવે છે. જાન્યુઆરી માસ દરમિયાન ઉપલબ્ધ સાધનોનો ૫૯ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬:૦૦ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દ્રાબહેન ભટ્ટ

### સંગીત વર્ગ:

જાન્યુઆરી માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા



### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૬ શ્રમિક બહેનો દ્વારા જાન્યુઆરી માસમાં કાપડની ૪૮૫ થેલી તૈયાર થતાં કુલ રૂ.૨૯૧૦/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૧,૧૨,૭૪૭ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. જાન્યુઆરી માસ દરમિયાન ૪ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

### પ્રચાર-પ્રસાર




**રૂ.૨૫૦/-પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૩ રહી હતી.**

(૧)જાન્યુઆરી માસમાં શ્રી જે.સી.કુમારઅપ્પા મહાવિદ્યાલય-ગઢડા(સ્વામીના), (૨)શ્રી પ્રફુલ્લાબહેન કિશોરભાઈ જોશી, (૩)શ્રી ધવલભાઈ ભટ્ટ-ભાવનગર. વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર:

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની જાન્યુઆરી માસમાં ૧૯૫ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૮ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જાન્યુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૫૪ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયના દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,51,500.00 | શ્રી રમેશભાઈ એન. પંડ્યા | શૈક્ષણિક સહાય |
| 29,000.00 | ચિત્રકુટધામ ટ્રસ્ટ | નાગરિક સન્માન સહાય |
| 25,000.00 | દાસ પેંડાવાળા ફુડ પ્રા.લી. | કેલેન્ડર પ્રકાશન સહાય |
| 25,000.00 | કિરણભાઈ પટેલ | શૈક્ષણિક સહાય |
| 22,500.00 | હિમેશભાઈ વિનોદરાય ત્રિવેદી | રોજગાર સહાય |
| 21,000.00 | શ્રી કમલેશભાઈ કાલિન્દી પરિવાર ટ્રસ્ટ | કન્યા કેળવણી સહાય |
| 20,000.00 | બેલકોન પાવરટ્રાન્સ એલ.એલ.પી. | નેત્રયજ્ઞ સહાય |
| 12,000.00 | શ્રી ઈન્દાબહેન ભટ્ટ | રોજગાર સહાય |
| 10,000.00 | મથુરદાસ મગનલાલ ગૌશાળા ચે.ટ્રસ્ટ | આરોગ્ય સહાય |
| 6,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ | દ્રષ્ટિ ચકાસણી સહાય |

### બુધસભા:

• ૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૩૨૦મી બેઠક તારીખ ૧ જાન્યુઆરીએ ડૉ.માનસીબહેન ત્રિવેદીનાં સંચાલનમાં યોજાઇ. કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત શ્રી વંદનાબહેન ગૌસ્વામીએ રાજેન્દ્રભાઈ શાહની કવિતાનો સુંદર આસ્વાદ કરાવ્યો. ૨૬ સાહિત્ય પ્રેમીઓ અને ભાવકો આજની બુધસભામાં હાજર રહયાં હતા. બુધસભાની બીજી બેઠક ‘‘અવસર અભિવ્યક્તિ વિષયે’’યોજાએલ સ્વામી વિવેકાનંદ જયંતી- રાષ્ટ્રીય યુવા દિન, પ્રજાસત્તાક દિન, કવિ કલાપીની જન્મજયંતી અવસરે ૨૨ ભાવકો ઉપસ્થિત રહયાં હતા. બીજી બેઠકનું સંચાલન શ્રી પરેશભાઈ ત્રિવેદીએ કર્યુ હતું. માસની ત્રીજી બેઠક શ્રી દીપિકાબહેન યાદવના સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત જાણીતા સર્જક સુશ્રી સુનીતા ઈજ્જતકુમાર દ્વારા પોતાની સર્જનયાત્રાના અનુભવો અને સાહિત્યના સમાજ સાથેના નિસ્બતની રસપ્રદ વાતો કરવામાં આવી. આજની બુધસભામાં ૩૮ ભાવકો ઉપસ્થિત રહયાં હતા. જાન્યુઆરી માસની ચોથી બેઠકમાં ‘કવિ વિશેષ ઉપક્રમ’ અંતર્ગત ‘એક તલસાટ કાયમી -તે ગઝલ’ શીર્ષક તળે કવિ શ્રી અમૃત ઘાયલના જીવન અને કવનની કવિ પ્રા.હિમલ પંડયાએ પોતાના વિચારો રજુ કર્યા હતા. આ અવસરે વિનોદભાઈ જોશીના શબ્દોમાં અમૃત ઘાયલના જીવનનું રસપાન કરવા મળ્યું. આજની બુધસભામાં ૩૫ જેટલાં સાહિત્યપ્રેમીઓ હાજર રહયા. માસની ૨૩૨૪મી બેઠક શ્રી જયેશભાઈ ભટ્ટના સંકલનમાં મુશાયરા તરીકે સંપન્ન થઇ જેમાં કવિશ્રી કિશોર વાઘેલા, આશિષ મકવાણા, હર્ષાબહેન દવેએ ભાગ લીધો હતો. જેને માણવા ૬૦ ભાવકો ઉપસ્થિત રહયાં હતા. આ

માસ દરમિયાનના પાંચેય બુધવારમાં ૧૬૧ ભાવકોની ઉપસ્થિતિ વર્ષ ૨૦૨૫ની બુધસભા માટે નવ નિયુક્ત સંચાલકો માટે ઉત્સાહવર્ધક રહી હતી.

### શ્રદ્ધાંજલિ



**સ્વ. ડૉ. નટુભાઈ પંડયા :**

શિશુવિહાર બુધસભાના વરિષ્ઠ કવિ ડૉક્ટર નટુભાઈ પંડયાનું ૮૫ વર્ષે સ્વર્ગવાસ થયું છે. અત્યંત સાલસ શાંત અને સૌના આદર સાથે જીવન પર્યંત સેવા પરાયણ રહેલ પૂજ્ય નટુભાઈના આત્માની ચિર શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

• એક્સેલ ઉદ્યોગના પ્રણેતા અને રાષ્ટ્રીયતાને વરેલ શ્રી કાન્તીસેનભાઈ શ્રોફની ૧૦૩મી જન્મ જયંતી પ્રસંગે તેઓ સાથે કાર્ય કરનાર ૬૦થી વધુ કર્મચારીઓ ગાંધી વિચારથી પ્રેરિત પૂજ્ય કાકા સાથેના સ્મરણો તાજા કરવા તા. ૩ જાન્યુઆરીએ સંસ્થા પ્રાંગણમાં મળ્યા હતા.

•મદ્રેસા-એ-હોર અકરમ એકેડમીનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ ૪ જાન્યુઆરીએ સંસ્થાના રંગમંચ પર યોજાઈ ગયો. જેમાં એકેડમીના વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ વિકાસ, જીવન ધ્યેય વિષયે માર્ગદર્શન આપવા સાથે મનોરંજન કાર્યક્રમ યોજાએલ જેમાં ૧૨૦૦ બાળકો તથા વાલીઓ ઉપસ્થિત રહયા હતા.

• શ્રી વિક્રમભાઈ બોરીચા તથા નરેશભાઈ રાઠોડના સંયોજન હેઠળ દિલ સે ગાન ગૃપનો સંગીત જલ્સો ૫ જાન્યુઆરીએ રંગમંચ પ્રસ્તુતિ પામ્યો જેને માણવા ૨૦૦ થી વધુ નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

• શ્રીયંત્ર પુજા વિધિ સાથે જોડાએલ ૪૦ સાધકો ૧૨ જાન્યુઆરીએ શ્રી રાજુભાઈ દવેના આચાર્યપદ નીચે મળી શ્રીયંત્રની પૂજા કરી હતી.

• ભાવનગર જીલ્લા અને શહેરનો કલા મહાકુંભ તા. ૧૬ થી ૧૯ જાન્યુઆરીએ સંસ્થા પરિસરમાં યોજાઈ ગયો. ૩૫૦૦ થી વધુ યુવકોની સહભાગીતામાં યોજાએલ ૨૩ કલા પ્રસ્તુતિનું સંકલન શ્રી વિશાલ જોશીએ કર્યુ હતું.

• સુર-સંગમ સંસ્થાનો ૯૦મો જુનાં હિન્દી ફિલ્મીગીતો કાર્યક્રમ તા. ૧૯ જાન્યુઆરીએ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલન તળે સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. ફિલ્મ ગીતોના કાર્યક્રમને માણવા ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.

• ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના શાળા સલામતી કાર્યક્રમ



અંતર્ગત શ્રી હરેશભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ તા.૨૧ જાન્યુઆરીના રોજ મોરચંદ કુમાર શાળા તથા ખડસલિયા પ્રાથમિક શાળાના ૨૨૦ વિદ્યાર્થીઓને આપત્તિ નિવારણ સાથે પ્રાથમિક સારવારની સમજ પ્રત્યક્ષ નિર્દશન દ્વારા આપવામાં આવેલ. આ ઉપક્રમે શિશુવિહાર તરફથી શાળાને ડીઝાસ્ટરનું પુસ્તક ભેટ આપવામાં આવેલ.

• સહજાનંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિયોથેરાપી તથા સ્વામી વિવેકાનંદ હોમીયોપેથીના સંયુક્ત ઉપક્રમે સાર્વજનિક આરોગ્ય નિદાન અને દવા વિતરણ કેમ્પ તા. ૨૪ જાન્યુઆરીએ સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો. જેમાં સંસ્થાની આરોગ્ય સેવાના ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી, ફિઝિયોથેરાપી સેન્ટરના ડૉ.ભાવિકાબહેન હરિયાણી, હોમિયોપેથી સારવાર કેન્દ્રના ડૉ.અભિલાષાબહેન સોનપાલ દ્વારા નિદાન કરી ૮૫ દર્દીને દવા, માર્ગદર્શન અપાયું હતું.

•નટરાજ કલા સંસ્થાનો ૧૬૬મો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૨૫ જાન્યુઆરીએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. કાર્યક્રમનો આસ્વાદ મ્હાણવા ૪૦૦થી વધુ શ્રોતાઓ ઉપસ્થિત રહયા હતા.

• સુમિટોમો કેમીકલ ઈન્ડિયામાં ૩૦ વર્ષથી સેવાર્થી કર્મચારીઓનું દીર્ઘકાલીન સેવા સન્માન ૩૦ જાન્યુઆરીએ સંસ્થાના એ.સી. હોલમાં યોજાયું. ભોજન સાથે સંપન્ન થએલ કાર્યક્રમમાં ઉદ્યોગના ૨૦૦ કર્મચારીઓ પરિવાર સાથે ઉપસ્થિત રહયા હતા.

## શુભેચ્છકો લખે છે

• **ડૉ.નલિનભાઈ પંડિત (નિયામક જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર)**

કેળવણીમાં અને જીવનમાં શ્રમયજ્ઞનો મહિમા અનેરો છે. દરેક વાલીએ પોતાના સંતાનોને બાળપણથી જ નાના મોટા શ્રમમાં જોડવા જોઈએ. તેમાં જ સંતાનોનું કલ્યાણ છે. શાળાઓમાં સફાઈ સહિતનો શ્રમ બહુમૂલ્ય છે. વિકસીત દેશોની શૈક્ષણિક સંસ્થામાં આવી સફાઈ એ કેળવણીનો અમૂલ્ય ભાગ છે. તે ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકનનો ભાગ છે. આ વહેલું સમજાય તેમાં સહુનું ભલું છે. શિશુવિહાર બાલમંદિર અત્યંત સહજ રીતે બાળકો અને તેમની સાથે શિક્ષકોના શ્રમયજ્ઞો યોજી બાળકોમાં ચિરંજીવ મૂલ્ય રોપવાનું કાર્ય કરે છે. ધન્યવાદ.

• **શ્રી અનુપમભાઈ દોશી (રાજકોટ)**

ગુજરાતના જાણીતા લોકસેવક મૂલ્યોના માનવી શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઈની સ્મૃતિમાં ૩૪મો નાગરિક સન્માન કાર્યક્રમ ગરિમાપૂર્ણ અવિસ્મરણીય આયોજન સાથે રહયો. સમગ્ર શિશુવિહાર

પરિવારને હૃદયપૂર્વકના અભિનંદન. સુંદર પ્રાર્થના, સમયપાલન, સફળ સંચાલન વ્યવસ્થા, સ્વરુચિ ભોજન, પાર્કિંગ વ્યવસ્થા, સ્વયંસેવકોને ઉત્સાહ, સૌને મીઠો આવકાર, લાગણીસભર અભિવાદન, પૂજ્ય શ્રી મોરારિબાપુની ઉપસ્થિતિ આશીર્વાદ દાદ માંગી લે તેવું હતું સૌ કોઈને વંદન. પૂજ્ય માનદાદાના આશીર્વાદ સાથેનો નાગરિક સન્માન એવૉર્ડ કાર્યક્રમ સદા સર્વદા યાદગાર બની રહેશે અને વધુ જોશ ઉત્સાહથી કામ કરવાનું બળ મળશે.

- **ડૉ.અભિલાષા સોનપાલ (મેડીકલ ઓફીસર- સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી કોલેજ-ભાવનગર)**

હું છેલ્લા એક વર્ષથી શિશુવિહાર સંસ્થાના હોમિયોપેથી વિભાગમાં ડૉક્ટર તરીકે સેવા આપી રહી છું. મારાં માટે શિશુવિહાર સંસ્થામાં કામ કરવું તે સન્માનની વાત છે. જ્યાં દરેક વય જૂથના લોકોને દરેક રીતે મદદ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. મેં સામાન્ય બીમારીઓથી લઈ વંધ્યત્વ, માઈગ્રેન, ડિપ્રેશન, પીસીઓડી, થાઈરોઈડ જેવી ગંભીર બીમારીઓથી પીડિત દર્દીઓની સારવાર કરી છે. મને આખાં વર્ષ દરમિયાન ૩૧૬૫ પેશન્ટ તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો છે. શિશુવિહારની સેવા ભૂમિએ મને એક ઉત્તમ પ્લેટફોર્મ પ્રદાન થયું છે અને મારાં કાર્યની હંમેશા સરાહના કરી છે હું એક અદ્‌ભૂત કાર્ય વાતાવરણમાં હોવા બદલ આભારી છું. સંસ્થાના હોમિયોપેથી કેન્દ્રથી વર્ષ ૨૦૨૪માં લાભાન્વિત ૩૧૬૫ દર્દીઓની વિગત વાચકો માટે રસપ્રદ બની રહેશે.

| | | |
|---|---|---|
| જાન્યુઆરી-૧૯૦ | ફેબ્રુઆરી-૧૫૯ | માર્ચ-૧૭૨ |
| એપ્રિલ-૧૯૧ | મે-૨૪૩ | જુન-૨૨૭ |
| જુલાઈ-૨૬૨ | ઓગસ્ટ-૩૧૦ | સપ્ટેમ્બર-૨૯૩ |
| ઓક્ટોબર-૩૩૯ | નવેમ્બર-૩૧૮ | ડીસેમ્બર-૪૬૧ |

નોંધ: વિવેકાનંદ કોલેજના સંનિષ્ઠ મેડિકલ ઓફીસર તરીકે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ સુધી શિશુવિહારનાં આરોગ્ય કેન્દ્રમાં સંનિષ્ઠ સેવા આપતાં ડૉ.અભિલાષાબહેન સોનપાલને વિશેષ અભિનંદન. પ્રમુખ-મંત્રી: શિશુવિહાર

- **શ્રી દિનેશભાઈ રાજાણી (પેશન્ટ- ફિઝિયોથેરાપી સેન્ટર)**

ચિંતાના કારણે મારા નાના મગજમાં લોહીનો પુરવઠો ખોરવાઈ



ગયો હતો. જેના લીધે મારા શરીરે જમણી બાજુના હાથ અને પગમાં સતત ખાલી ચડતી, મારા બંને પગમાં નબળાઈ, ધ્રૂજારી અને ખાલીના લીધે મને વજન આપીને ઉભા રહેવામાં અને ચાલવામાં બેલેન્સ પણ નોતું રહેતું. કોઈ વસ્તુ પકડવામાં ધ્રૂજારી આવતી. પરંતુ હવે હું ઘણી રાહત અનુભવું છું. કારણકે મને ડૉ.ભાવિકાબહેન દ્વારા સારવાર મળી છે. માત્ર સેવાભાવથી ચાલતા આ ફિઝિયોથેરાપી સેન્ટરની મુલાકાત લેવા દરેક દર્દીઓને વિનંતી કરું છું. હું ડૉ.ભાવિકાબહેન અને શિશુવિહાર સંસ્થા જે સેવાના હેતુથી કામ કરે છે તેમનો આભાર માનું છું. સહજાનંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફીઝીયોથેરાપી સેન્ટર શિશુવિહાર કેન્દ્રથી વર્ષ ૨૦૨૪માં લાભાન્વિત ૫૪૧૯ દર્દીઓની માહિતી રસપ્રદ બને છે.

| | | |
|---|---|---|
| જાન્યુઆરી-૪૨૧ | ફેબ્રુઆરી-૪૦૦ | માર્ચ-૪૦૬ |
| એપ્રિલ-૪૦૫ | મે-૪૦૧ | જુન-૩૯૦ |
| જુલાઈ-૬૪૫ | ઓગસ્ટ-૪૭૫ | સપ્ટેમ્બર-૫૨૨ |
| ઓક્ટોબર-૫૬૧ | નવેમ્બર-૨૭૮ | ડીસેમ્બર-૫૧૫ |

નોંધ: વર્ષ ૨૦૧૭થી શિશુવિહારમાં કાર્યાન્વિત શ્રી જયશ્રીબહેન પ્રકાશભાઈ શેઠ પરિવાર ફિઝિયોથેરાપી સેન્ટરમાં ૪ વર્ષથી ડૉક્ટર તરીકે સેવા આપતા શ્રી ભાવિકાબહેન હરિયાણી (પરિખ)ને વિશેષ અભિનંદન. પ્રમુખ-મંત્રી: શિશુવિહાર

## શિશુવિહારનાં સેવા કર્મી (૨) શ્રી ગુલાબબા ગોહિલ
## સેવા ક્ષેત્ર: સીવણ તાલીમ વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૫



વર્ષ ૧૯૯૫ માં સીવણ તાલીમાર્થી તરીકે જ્યોતિ મહિલા મંડળ- શિશુવિહારના વર્ગમાં જોડાએલ શ્રી ગુલાબબહેન રફીકભાઈ ગોહિલ ભાવનગરની સેવા સુવાસ, શિશુવિહાર સંસ્થામાં સીવણ શિક્ષક તરીકે છેલ્લાં ૨૧ વર્ષથી પ્રવૃત્ત છે. તેઓ વિશેષ ૭૦૫૦ જરૂરિયાતમંદ બહેનોને સીવણ તાલીમ અને આત્મનિર્ભર થવા માગતી ૩૬૦ બહેનોને સીવણ સંચા પહોંચાડવામાં અગ્રેસર બન્યાં છે.ધોરણ ૧૧ સુધી અભ્યાસ પૂર્ણ કરી ગુજરાત ટેકનિકલ એક્ઝામ બોર્ડમાં ગારમેન્ટ મેકીંગ વિભાગમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર શ્રી ગુલાબબહેન હાથભરત, જરદોશી

કાર્યમાં નિપૂણ છે. સીવણ, ડ્રોઈંગ, કટીંગ કાર્યમાં પણ માહિરતા હાંસલ કરતાં અનેક બહેનોને ધીરજથી આર્થિક રીતે સ્વાવલંબન આપવા સક્ષમ કલ્પતરુ સમાન સીવણ સંચા સાથે જોડી શક્યા છે.

જીવન ઉપયોગી તાલીમ તરીકે ધીરજથી બીજી વ્યક્તિમાં સીવણ કૌશલ્યની આવડત વિકસાવી શક્યાં છે.ખંભાતની વિજય ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ સુધી ગુજરાતીમાં શિક્ષણ પૂર્ણ કરનાર શ્રી ગુલાબબહેન પોતાની વ્યાવસાયિક આવડતનાં કારણે આજે શિશુવિહાર સંસ્થામાં સવાર-સાંજ તેમ બે બેચમાં ૪૮-૫૦ બહેનોને વર્ષમાં ૨ બેચમાં સાતત્ય પૂર્ણ રીતે તાલીમ આપી રહયાં છે.

કુશન કવર, સાદી થેલી, માર્કેટ બેગ, ફેન્સી કેપ, એપ્રોન, પેટીકોટ, પ્લેટેડ ફ્રોક, પીના ફ્રોક ઉપરાંત પંજાબી સલવાર અને કુર્તી તેમજ તમામ પ્રકારનાં લેડીઝ ગારમેન્ટની ડ્રોઈંગ, કટીંગ અને સીવણ તાલીમ આપે છે. તાલીમાર્થી બહેનો પોતાનાં ઘરકામ સાથે સીવણ સંચાનો ધંધાદારી ઉપયોગ કરી શકે તે માટે મશીન રીપેરીંગ, કોમર્શિયલ પ્રોડક્ટની વિઝિટ સાથે પણ બહેનોને જોડી આપે છે.

અત્યંત નિષ્ઠા અને સેવાભાવથી એક કાર્યકર તરીકે શ્રી ગુલાબબહેનનું વર્ષ ૨૦૨૧માં સદ્કાર્ય સન્માન સમિતિ, વર્ષ ૨૦૨૩-૨૪માં શિશુવિહારમાં સ્વાતંત્ર્ય દિને સન્માન નોંધનીય બને છે. પરંતુ તેથી વિશેષ વર્ષ ૨૦૦૫માં પોતાનાં વિદ્યાર્થિની રેખાબહેન વાળા હાલ મહીને રૂા. ૭૦૦૦/- કમાતાં થયાં છે. કુરેશી અફસાના મહીને રૂા.૮૦૦૦/- નું કામ કરી પોતાનું ઘર ચલાવે છે. તાલીમાર્થી હેતલબહેન ગોહિલ મહીને ૧૧૦૦૦ની કમાણી કરે છે તેમજ સ્વાવલંબી જીવન જીવે છે.

તાલીમાર્થી સંગીતાબહેનનો દીકરો સીવણની સહાયથી ઈન્જીનિયર બન્યો છે. નિલોફર ટેઈલર નામે દુકાન કરી વરસે રૂા. ૨૫૦૦૦/- નું કામ કરનાર નિલોફર યુનિસભાઈ શેખ જણાવે છે કે શ્રી ગુલાબબહેન મારાં પરિવાર માટે જીવનદીપ રહયાં છે. તેનાં કારણે જ અમે અત્યંત મુશ્કેલ સ્થિતિમાંથી જીવનની હોડીને તરતી રાખી શક્યાં છીએ.

વાંસ-વળીનાં ટેકે તેલ, કેરોસીનનાં જૂના ડબ્બાને જોડી નાનો શેઈડ તૈયાર કરી ૧૯૪૦માં શિશુવિહાર પરિસરમાં પ્રારંભાયેલ જ્યોતિ મહિલા મંડળની પ્રવૃત્તિ આજે ૮૫માં વરસે પણ અવિરત પણે ચાલે છે. ત્યારે જીવન શિક્ષણ થકી મહિલા સશક્તિકરણનાં યજ્ઞમાં ૨૧ વર્ષથી અવિરત સેવાર્થી રહેલ શિશુવિહારનાં સેવાર્થી શ્રી ગુલાબબા ગોહિલ પ્રત્યે શિશુવિહાર ગૌરવ અનુભવે છે.



REGN.NO.L2/36/RNP/BVHO-46/2025-2027 RENEWED UPTO Dt. 31/12/2027
RNI REGISTRATION No. GUJGUJ / 2009 / 30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** **Shishuvihar Bhavnagar**
**Shishuvihar** **Shishuvihar**

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199